## કોરોનાનાં વળતાં પાણી : ઉત્તર ગુજરાતમાં કોરોના સારવાર કરતી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યા ઘટી

### ૧૨ દિવસ પછી સંક્રમિત કેસ ૧૧,૦૦૦ની અંદર, બે દિવસમાં માત્ર કોરોનાથી ૨ નાં મોત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

કોરોનાની મહામારીથી ઉત્તર ગુજરાતમાં સ્થિતિ સ્ફોટક બની હતી પરંતુ પ્રજાની જાગ્રતતા, આરોગ્ય તંત્ર અને સરકારની કામગીરી હવે રંગ લાવતી હોય તેમ કોરોનાના વળતા પાણીના સંકેત જોવા મળ્યા છે. ઉત્તર ગુજરાતમાં પાછલા ૨૪ કલાક દરમ્યાન કોરોના સારવાર કરતી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યા ઘટી રહી છે. નવા કેસમાં નોંધપાત્ર ઘટાડો આવ્યો છે પરંતુ જે કોઈપણ કોરોનાગ્રસ્ત દર્દી હોય છે તેમને હોસ્પિટલમાં બેડ ન મળવાની સમસ્યા જૈસે થે છે. ૧૨ દિવસ પછી સંક્રમિત કેસ પ્રથમવાર ૧૧,૦૦૦ની અંદર રહ્યા છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં બે દિવસમાં માત્ર કોરોનાથી બે નાં મોત નિપજ્યું છે અને તે પણ અરવલ્લી જિલ્લામાં નોંધાયાં છે.



કોઈપણ સમસ્યા હોય વહેલો માંડો તેનો ઉકેલ મળી જતો હોય છે. ગુજરાત સહિત ઉત્તર ગુજરાતમાં કોરોનાનું સંક્રમણ દોઢ મહિના દરમ્યાન બેલગામ બની રહ્યું. સરકારી કોવિડ હોસ્પિટલથી માંડી ખાનગી કોવિડ હોસ્પિટલો દર્દીઓથી હાઉસ્ફુલ થઈ ગઈ. હજારો દર્દીઓને વધતા કેસના કારણે હોસ્પિટલોમાં બેડ ન મળ્યા, બેડ મળે તો ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેક્શન ન મળ્યા જેના કારણે મૃત્યુ દર ઉંચકાયો. કેટલાક કિસ્સાઓમાં કોરોનાનો હાઉ અનેક દર્દીઓને ઓહીયા કરી ગયો. કોરોનાને કાબુમાં લેવા માટે આરોગ્ય તંત્ર અને સરકાર દ્વારા બનતા તમામ પ્રયત્નો કર્યા ત્યારબાદ પ્રજાએ પણ કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું માંડે માંડે અમલવારી શરૂ કરી તેના કારણે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં અગાઉ કરતાં સંક્રમિત કેસમાં ઘટાડો થયો છે. આરોગ્ય વિભાગે આંકડા છૂપાવ્યા વગર જે વિગતો જાહેર કરી છે તે સાચી હોય તો તંત્રની પીઠ થબથબાવવી જોઈએ પરંતુ છેલ્લા ૯ દિવસથી એન્ટિજન ટેસ્ટ કિટના અછતથી અનેક લોકોને કોરોના ટેસ્ટ કરાવ્યા વગર પાછું ફરવું પડ્યું છે તે પણ નજરઅંદાજ ન કરી શકાય તેમ છતાં ઉત્તર ગુજરાતમાં કોરોના સામે જીત મળતી હોય તેવા સિગ્નલ મળ્યા છે. અગાઉ બાયડની ખાનગી કોવિડ હોસ્પિટલો દર્દીઓ અને તેને લઈને આવનારા વાહનોથી ભરચક હતી પરંતુ છેલ્લા ૨ દિવસથી અન્ય વેપારીઓ અને પ્રજાએ પણ સ્વીકાર્યું કે હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યા ઘટી છે જે રાહતરૂપ સમાચાર છે.

**પાછલા ૨૪ કલાકમાં સંક્રમિત કેસ..**

| જિલ્લો | સંક્રમિત કેસ | મૃત્યુ |
|---|---|---|
| અરવલ્લી | ૧૨૯૭ | ૦૧ |
| બનાસકાંઠા | ૧૨૮૬ | ૦૦ |
| મહેસાણા | ૫૧૪૩ | ૦૦ |
| પાટણ | ૧૬૧૭ | ૦૦ |
| સાબરકાંઠા | ૧૬૬૨ | ૦૦ |

અગાઉ ઉત્તર ગુજરાતમાં સંક્રમિત ૧૧,૧૩૦ નોંધાયા હતા. પાછલા ૨૪ કલાક દરમ્યાન તેમાં ૧૩૧ના ઘટાડા સાથે સંક્રમિત કેસ ૧૦,૯૯૯ નોંધાયા છે.

## વતન પ્રેમ : મુંબઈ રહેતા બિઝનેસમેને ઓક્સિજન સીલીન્ડર, ઓક્સિમીટર અને માસ્ક અણિયોડ મોકલ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

કોરોનાની મહામારીમાં અનેક માનવતાના દ્રશ્યો સામે આવ્યા છે. તલોદ તાલુકાના અણિયોડના અને મુંબઈમાં સ્થાયી થયેલા બિઝનેસમેન મુકેશભાઈ પટેલે પોતાના ગામમાં કોરોનાનું સંક્રમણ વધતાં ગ્રામજનો દ્વારા કોવિડ કેર સેન્ટર શરૂ કર્યું છે તેવા સમાચાર મળતાં વતન પ્રેમ છલકાયો અને તાબડતોબ ઓક્સિજન સીલીન્ડર, ઓક્સિમીટર અને માસ્ક અણિયોડ મોકલી આપ્યા હતા. ગામના યુવા બિઝનેસમેનના વતન પ્રેમથી ગ્રામજનોની આંખો છલકાઈ હતી.



છેલ્લા ૧૪ મહિનાથી જિલ્લાની પ્રજા કોરોના સામે જંગ લડી રહી છે. ક્યાંક કાળા માથાનો માનવી હેવાનિયત આદરતો હોય તેવા રેમડેસિવિર કાળા બજાર સહિતના કુકર્મોથી જિલ્લાને લજવ્યો છે. બીજી તરફ કેટલાય યુવાનોએ પોતે જે કમાયા તેમાંથી કોરોનાના કપરા કાળમાં ગામના ભેરૂને મદદ કરવાના હેતુથી ઉદાર હાથે ફાળો અને કોરોના સામે જંગ લડવા ઈન્સ્ટ્રુમેન્ટનું દાન આપી રહ્યા છે. તલોદ તાલુકાના અણિયોડના સામાન્ય પટેલ પરિવારમાં જન્મેલા મુકેશ પટેલે મુંબઈમાં સ્થાયી થઈ બિઝનેસમેન તરીકે મોટી નામના મેળવી હતી. સમાજ કે વતનમાં કોઈને મદદરૂપ થવાનું હોય તો અવશ્ય મદદ કરતા પરંતુ તાજેતરમાં કોરોનાના કારણે અણિયોડ ગામમાં સંક્રમણ વધ્યું તે જાણી ચિંતા થઈ ત્યાં સોશ્યલ મીડીયામાં મિત્રોના મેસેજ જોયા જેમાં ગામમાં સંક્રમિત લોકો માટે કોવિડ કેર સેન્ટર ઉભું થયું છે બસ આ સમાચાર મળતાં જ ગામના મિત્રોને ફોન કર્યા અને જણાવ્યું કે આવતી કાલ સવારે હું મુંબઈથી ઓક્સિજન સીલીન્ડર, ઓક્સિમીટર અને માસ્ક મોકલી રહ્યો છું તે મેળવી લેજો અને ત્યાર પછી પણ મારી કોઈ મદદની જરૂર હોય તો જણાવજો. વર્ષોથી વતન છોડી મુંબઈમાં સ્થાયી થયેલા મુકેશ પટેલના વતન પ્રેમને જોઈને અન્ય યુવાનો પણ વતન પ્રેમ દર્શાવે તો કોરોનાની આફત અવસરમાં પલ્ટાવી શકે છે.

## જિલ્લામાં ટેકાના ભાવે ઘઉંની ખરીદી સત્વરે શરૂ કરવા માંગ

### લાંબા સમયથી ખરીદી બંધ રહેતાં ખેડૂતોમાં રોષ, માર્કેટયાર્ડ પણ ખુલ્લાં રાખો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાની ગતિ તેજ બનતાં માર્કેટયાર્ડો બંધ છે અને ટેકાના ભાવે ઘઉંની ખરીદી સરકારે મુલત્વી રાખી છે પરંતુ હવે વાવાઝોડાની સંભાવના અને ત્યારબાદ ચોમાસુ શરૂ થશે જેથી તાત્કાલિક ઘઉંની ખરીદી શરૂ કરવામાં આવે તેવી ખેડૂતોએ માંગ કરી છે. ઘઉં પકવતા ખેડૂતોએ સરકાર દ્વારા ટેકાના ભાવે ફરીથી ઘઉંની ખરીદી શરૂ નહીં થાય તો આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની પ્રજા પશુપાલન અને ખેતીના વ્યવસાય ઉપર નભે છે. પશુપાલકોને દૂધના યોગ્ય ભાવ મળતા નથી તેનો ખટરાગ પણ લાંબા સમયથી ચાલી રહ્યો છે. જ્યારે ઘઉંના પાકનું બમ્પર ઉત્પાદન થયું સરકાર દ્વારા ટેકાના ભાવે ઘઉંની ખરીદી શરૂ કરવામાં આવી. જે ખરીદી શરૂ થઈ અને કોરોનાનું સંક્રમણ વધતાં છેલ્લા ૧ મહિનાથી ટેકાના ભાવે ઘઉંની ખરીદી બંધ કરવામાં આવી છે જેના કારણે બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, મોડાસા, ભિલોડા, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્માના ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યાં છતાં પણ ઘઉં ટેકાના ભાવે વેચી શક્યા નથી. અગાઉ સોફ્ટવેરમાં ખામી સર્જાતાં કેટલાય ખેડૂતોને ઘઉં વેચવા ગયા પરંતુ પાછા ફરવાની નોબત આવી હતી અને ત્યાર પછી કોરોનાના કારણે સંક્રમણ વધશે તેવી દહેશતથી તમામ ખરીદી કેન્દ્રો ઉપર ઘઉંની ખરીદી બંધ કરવામાં આવી છે. ખેડૂતો પાસે અત્યારે પણ લાખો ટન તૈયાર ઘઉંનો પાક પડ્યો છે અને વાવાઝોડું, વરસાદ વરસે તો અનેક ખેડૂતો પાયમાલ થઈ જશે જેથી બાયડગામના ખેડૂત વિઠ્ઠલભાઈ મોતીભાઈ પટેલ, આકરૂન્દના ખેડૂત જશુભાઈ એલ. પટેલ વગેરેએ સરકાર દ્વારા તાબડતોબ ઘઉંની ખરીદી શરૂ કરવી જોઈએ તેવી માંગ કરી છે.

## મારો વોર્ડ કોરોના મુક્ત વોર્ડ : બાયડ પાલિકામાં કોરોના સામે જીત મેળવવા તંત્ર મક્કમ

### પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષ, ચીફ ઓફીસરે ૬ વોર્ડમાં સંક્રમિત કેસનું આંકલન શરૂ કર્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

બાયડ પાલિકામાં કોરોના સામે જીત મેળવવાના મક્કમ નિર્ધાર સાથે બાયડ પાલિકાના પદાધિકારીઓ અને અધિકારી દ્વારા પ્રયાસો શરૂ થયા છે. મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ..ના નેજા હેઠળ ૬ વોર્ડમાં સંક્રમિત કેસનું આંકલન શરૂ કર્યું છે. કોરોના સંક્રમિત પરિવાર કે તેમના ત્યાં આઈસોલેશનની વ્યવસ્થા ન હોય તેવા દર્દીને સારવાર માટે બાયડના વારેણા આશ્રમ અને સારસ્વત હાઈસ્કુલ-બાયડના આઈસોલેશન સેન્ટરમાં દાખલ થાય તે માટે પ્રયાસ શરૂ કરાયા છે. રવિવારે સારસ્વત હાઈસ્કુલ-બાયડમાં બાયડ નગરપાલિકા અને લાયન્સ કલબ-બાયડના સંયુક્ત ઉપક્રમે શરૂ કરાયેલા આઈસોલેશન સેન્ટરની પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ પટેલ, લાયન્સ કલબ-બાયડ પ્રમુખ, સારસ્વત હાઈસ્કુલના સંચાલક સમીરભાઈ મિરઝા, રીજીયન ચેરમેન અતુલભાઈ જોષી, ચીફ ઓફીસર સાવિબેન સોની, કોર્પોરેટર કંચનબેન પટેલ, જીજ્ઞાશાબેન રાઠોડ, પ્રકાશભાઈ સોલંકી વગેરેએ મુલાકાત લીધી હતી. આઈસોલેશન સેન્ટરમાં દર્દીની મુલાકાતે આવનારા તેમના સગાઓ માટે મફત સેનેટાઈઝરની લાયન્સ કલબ-બાયડ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે.



**રાહત : બાયડ પાલિકા વિસ્તારમાં પાછલા બે દિવસ દરમ્યાન એકપણ મોત નહીં..**
બાયડ : બાયડ પાલિકા વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે. પાછલા બે દિવસ દરમ્યાન કોરોનાના કારણે એકપણ મોત નિપજ્યું નથી. જ્યારે સંક્રમિત કેસમાં પણ ઘટાડો નોંધાયો છે જે પ્રજા માટે રાહતરૂપ સમાચાર છે.

ગામડાઓની સાથે હવે શહેરી વિસ્તારોને કોરોના મુક્ત રાખવાનું અભિયાન શરૂ થયું છે. બાયડમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું અને અનેક લોકો મોતને ભેટ્યા. વાત્રકની સરકારી કોવિડ તેમજ બાયડની ખાનગી કોવિડ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. ત્યારે સમગ્ર બાયડ પાલિકા વિસ્તારને કોરોના મુક્ત બનાવવા માટે ચીફ ઓફીસર દ્વારા ખાસ અભિયાન તંત્રની સૂચના હેઠળ શરૂ કરવામાં આવ્યું. મારો વોર્ડ કોરોના મુક્ત વોર્ડ..અભિયાન હેઠળ બંન્ને આઈસોલેશન સેન્ટરની બાયડ પાલિકાના પદાધિકારી, કોર્પોરેટરોએ મુલાકાત લીધી હતી તેમજ આસપાસમાં કોઈપણ કોરોના સંક્રમિત દર્દી હોય તેઓ આઈસોલેશન સેન્ટરમાં આવીને સારવાર મેળવે તે માટે પૂરતા પ્રયાસ શરૂ કર્યા છે. આઈસોલેશન સેન્ટરમાં દાખલ થયેલા દર્દીને જરૂર પડશે તો ઓક્સિજન મશીનની પણ સેવા આપવાની લાયન્સ કલબ-બાયડ દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

## જિલ્લામાં મામલતદાર કક્ષાના અધિકારીનું ઈલુ ઈલુ ચર્ચામાં

### કોરોનાના કપરા કાળમાં મહિલા કર્મીને લઈને સૌરાષ્ટ્રની સહેલગાહ કરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

જિલ્લામાં મામલતદાર કક્ષાના અધિકારીનું ઈલુ ઈલુ ચર્ચામાં આવ્યું છે. કહેવાય છે કે અધિકારીના પત્નિને તેની ગંધ આવી જતાં હવે ઘરમાં બોલવાના પણ સબંધ નથી. કોરોનાના કપરા કાળમાં મારે સૌરાષ્ટ્ર વિસ્તારની મુલાકાતે જવું પડશે તેવું જણાવી પરિવારે કોરોનામાં બહાર ન જવાય તેવો હઠાગ્રહ રાખ્યો પરંતુ મહાશયને મહિલા કર્મીનું વળગણ એટલી હદે વધ્યું કે પરિવારની લાગણીને હોંશિયામાં ધકેલીને સૌરાષ્ટ્રની સહેલગાહ કરી આવ્યા છે. જે વાહનમાં મુસાફરી કરી હતી તેના સી.સી.ટીવી ફૂટેજ મજરા ચોકડી નજીકના એક કોમ્પલેક્ષના કેમેરામાં કેદ થયાની પણ ગરમા ગરમ ચર્ચા છે. અરવલ્લી જિલ્લામાં અગાઉના વર્ષોમાં એક અધિકારી સાંજ પડે એટલે મહિલા કર્મીઓને વોટ્સએપ મારફતે મેસેજ મોકલતો. થોડા સમય સુધી તો આ બધું ચાલ્યું પરંતુ એક મહિલા કર્મીએ આ મુદ્દે વાંધો લેતાં કહેવાય છે કે મહાશયે રાત્રે જ મહિલા કર્મીના ઘરે આવી માફી માગી લેતાં મામલો શાંત પડયો હતો. પરંતુ આ વાત છે એક મામલતદાર કક્ષાના અધિકારીની. જિલ્લામાં જમીન સહિત અનેક કેસ ચલાવવામાં તોડ કરવામાં કશું બાકી રાખ્યું નથી અને કેટલાક કિસ્સાઓમાં તો જેવો ચૂકાદો તેવા પૈસા..નો પણ ખેલ જામ્યો. કેટલીક કિંમતી જમીનો હડપ કરવામાં પૈસા નહીં તો સોનાની લગડી કાં તો વાહન આપી દો તેવી ખુલ્લી લાંચ માંગવામાં આવતી હતી અને હવે કહેવાય છે કે મહાશયનું કદ વધ્યા પછી ઈલુ ઈલુ જોર ચર્ચામાં આવ્યું છે. કોરોનાના કપરા કાળમાં પોતાની કચેરીમાં કોઈ ન પ્રવેશે તે માટે દોડા બાંધ્યા પરંતુ મહિલા કર્મીની મોહપાશમાં એવા ઝકળાયા કે કોરોના હોવા છતાં સૌરાષ્ટ્રની સહેલગાહ કરીને આવ્યા છે. જો કે આ ભાંડો ન ફૂટતો પરંતુ એક મિત્ર સાથે થયેલી દારૂની પાર્ટી દરમ્યાન તેની પત્નિ વિશે અભદ્ર ભાષા બોલ્યા પછી આ મામલો ચર્ચામાં છે. આવનારા દિવસોમાં મામલતદાર કક્ષાના તમામ અધિકારીઓ સુધી તેની વિગતો પહોંચી શકે છે.

**મોબાઈલમાં બેટાના નામે મહિલા કર્મીનો ફોન સેવ કર્યો**
બાયડ : લોક વાયકા તો એવી છે કે મામલતદાર કક્ષાના અધિકારીએ પોતાનું પાપ પકડાઈ ન જાય તે માટે તેની પાસેના ૩ મોબાઈલ પૈકી એક મોબાઈલમાં બેટાના નામે મહિલા કર્મીનો ફોન સેવ કર્યો છે.

**તૌકતે વાવાઝોડાની અસર**


## ઉત્તર ગુજરાતમાં વાદળછાયા વાતાવરણ પછી ભેજ ગરમીના કારણે ભયંકર બફારો

### રવિવારે ઘરમાં પુરાઈ રહેલી પ્રજા અકળાઈ, ઠંડક આપનારા ઉપકરણો બેઅસર, આજથી ૩ દિવસ કેટલાક વિસ્તારોમાં વરસાદની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

ચોમાસુ વહેલું શરૂ થવાની ધારણા સાથે તૌકતે વાવાઝોડાની અસરથી ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં પરોઢે વાદળછાયા વાતાવરણ પછી ચોમાસા જેવું હવામાન ઉભું થયું. ત્યાર પછી બપોર બાદ ભેજ અને ગરમીના કારણે ભયંકર બફારાથી પ્રજા ત્રાહીમામ પોકારી ઉઠી હતી. ઠંડક આપતા ઉપકરણો નીચે બેઠા પછી પણ અસહ્ય બફારો ત્રાસદાયક લાગતો હતો. એક રીતે ઠંડક આપનારા ઉપકરણો રવિવારે દરેક રીતે બેઅસર સાબિત થયા છે. રવિવારે ધંધા-રોજગાર રાખનાર વેપારીઓ પણ આખો દિવસ નવરા બેસી રહ્યા હતા.






અરબી સમુદ્રમાં લક્ષદ્વિપ પાસે સર્જાયેલું ચક્રવાતી તોફાની ગુજરાતમાં તબાહી સર્જે તેવી દહેશતથી એન.ડી.આર.એફ.ની ૪૪ ટીમોને સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં તૈનાત કરી દેવામાં આવી છે ગત રોજ સમી સાંજથી ઠંડા પવનો અને ધૂળની ડમરીયો ઉડતાં ગરમીમાં શેકાતી પ્રજાને સમી સાંજે રાહત થઈ પરંતુ રવિવારે સવારે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના આકાશમાં વાવાઝોડાના આગમન પહેલાંની અસરથી વાદળો દેખાયાં પરંતુ બપોર થતાં આકાશ સ્વચ્છ થયું અને આગ આંકતી ગરમી અને ભેજનું પ્રમાણ વધતાં પ્રજા ત્રાસદાયક બફારાથી ત્રાસી ઉઠી હતી. કેટલાક વિસ્તારોમાં બપોર બાદ લમણા શેકી નાખતો પવન ફુંકાતાં ગ્રામ્ય વિસ્તારોમાં આવનારા દિવસોમાં અનેક લોકોને લૂ લાગે તેવી સંભાવના છે. અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારોમાં તાપમાનનો પારો રવિવારે ૪૧ ડિગ્રી નોંધાયો હતો. જ્યારે સોમ થી બુધવાર સુધી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ પછી વરસાદ વરસવાની સંભાવના વ્યક્ત થઈ છે.

## મુડેટી એસ.આર.પી. ગ્રુપ-૬ ખાતે ધ્યાન શિબિરનું આયોજન

ઈડર તા.૧૬

ઈડર તાલુકાના મુડેટી ખાતે આવેલ રાજ્ય અનામત પોલીસ દળ જુથ ૬ ખાતે ધ્યાન શિબિરનુ આયોજન કરવામાં આવ્યું હતુ એસ.આર.પી કેમ્પના જવાનો તેમજ અધિકારીઓ ને કોરોના વાયરસ સામે લડવાની શક્તિ તેમજ આરોગ્ય જળવાઈ રહે તથા પોતાની ફરજ સારી રીતે નીભાવી શકે તે માટે ત્રણ દિવસીય ધ્યાન શિબિર નુ આયોજન એસ.આર.પી. ગ્રુપ-૬ ના મદદનીશ સેનાપતિ તથા ડી.વાય.એસ.પી. એ.એન ચૌધરી, ડી.વાય.એસ.પી. બી.જી.રાઠોડ, ડી.વાય.એસ.પી. પટેલ ધ્વારા સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતુ જેમા કેમ્પના અધિકારીઓ જવાનોએ આ ધ્યાન શિબિરમાં હાજર રહ્યા હતા



## ગાયત્રી શક્તિપીઠ-બાયડના પ્રમુખ તરીકે ભરતભાઈ ઉપાધ્યાયની નિયુક્તિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

ગાયત્રી શક્તિપીઠ-બાયડના પ્રમુખ તરીકે સર્વાનુમતે ભરતભાઈ ઉપાધ્યાયની કારોબારી સમિતિ દ્વારા નિયુક્તિ કરવામાં આવી છે તેઓએ ગાયત્રી શક્તિપીઠ-બાયડ દ્વારા ચલાવવામાં આવતા અભિયાનને ગામે ગામ સુધી પહોંચાડવા માટે સંકલ્પ લીધો હતો. ગાયત્રી શક્તિપીઠ-બાયડના સંચાલક મનહરભાઈ એસ. પટેલ(અરજણ વાવ)નું તાજેતરમાં મોત નિપજ્યા પછી ગાયત્રી પરિવારમાં શૂન્યાવકાશની સ્થિતિ સર્જાઈ હતી. સૌ ગાયત્રી પરિજનો આજે પણ તેમના મોતના આઘાતમાંથી બહાર આવ્યા નથી પરંતુ ગાયત્રી શક્તિપીઠ-બાયડ દ્વારા પુંસંવનન સંસ્કાર, વ્યસન મુક્તિ અભિયાન, કોરોના સામે જંગ, ગામે ગામ સ્વચ્છતા અભિયાન, સમાજમાં વ્યાપેલા કુરિવાજો ઉપર અંકુશ મેળવવા સહિતના અનેક કાર્યક્રમો થઈ રહ્યા છે. જેથી પ્રમુખની ખાલી જગ્યા માટે તા.૧૬ મે.ના રોજ ગાયત્રી શક્તિપીઠ ખાતે કારોબારી બેઠક યોજાઈ હતી જેમાં મનહરભાઈ પટેલને શ્રદ્ધાસુમન આપતાં સર્વ સભ્યો ભાવુક થયા હતા અને ત્યારબાદ મનહરભાઈ પટેલના અધૂરા કામો પૂરા કરવા માટે પ્રમુખ તરીકે ભરતભાઈ ઉપાધ્યાયની સર્વાનુમને નિયુક્તિ થઈ હતી જેને ગાયત્રી પરિજનોએ આવકારી શુભકામનાઓ પાઠવી હતી.



## પૈસાની રેલમછેલ કે પછી માનવીય ભૂલ : બાયડમાં જમીનનો કેસ એક તરફી ચલાવ્યાની આશંકા

### તપાસ થાય તો અત્યાર સુધીના તમામ કેસોમાં ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

બાયડ તાલુકો બોગસ ખેડૂતો બનાવવા માટે પંકાયેલો છે. ફરિયાદ પછી તપાસ ઉભી થઈ અને તેનો સંકેલો વળ્યો અને એ સંકેલામાં અનેક લોકો માલામાલ થયાની આશંકા છે. ત્યારે હવે બાયડમાં વધુ એક જમીનનો કેસ અન્ય વિવાદીની કોઈ પ્રકારની હાજરી ન હોવા છતાં તેના નામની સહીઓ કરી એક તરફી ચલાવી દીધાની આશંકાએ ધમસાણ મચાવ્યું છે. આ મામલે યોગ્ય ઉકેલ નહીં આવે તો રાજ્ય સરકાર તેમજ મહેસૂલ મંત્રી સુધી મામલો પહોંચી શકે છે. સોનાની લગડી જેવી જમીન મામૂલી ભાવે પડાવી લેવા માટે પૈસાની રેલમછેલ તો નથી કરાઈ ને..?? કે પછી માનવીય ભૂલ છે..?? જાણવા મળ્યા મુજબ જમીનના કેસ ચાલ્યા તેની કુલ-૪ મુદતમાં વિવાદીની અલગ અલગ સહીઓ ઉડીને આંખે વળગે છે.

બાયડ તાલુકામાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓએ બાયડને બદનામ કરવાની સાથે પોતાનાં ખિસ્સાં ભર્યાં છે જે જગજાહેર બાબત છે. બાયડ તાલુકાના કહેવાતા રાજકીય આગેવાનોએ ભલભલાની બોલતી બંધ કરી પરંતુ તેમની આંખ અને નાક સામે જ સરકારી બાબુઓ કૌભાંડો આચરતા રહ્યા પરંતુ એમની એવી કઈ મજબૂરી આવી કે હરફ પણ ઉચ્ચારી ન શક્યા. કહેવાય છે કે બાયડ તાલુકામાં જમીનને લગતા કેસ ચલાવવામાં મોટાપાયે પૈસાની રેલમછેલ થઈ રહી છે અને હવે કેટલાક કેસમાં સંપૂર્ણ અધિકારો મળ્યા પછી તેના દૂરૂપયોગ પણ થતા હોય તેવી ચર્ચા જામી છે. તાજેતરમાં જ એક ખેડૂતે ફરિયાદ કરી છે કે તેની પોતાની જમીન મામલે વિવાદ થયો, વિવાદ વકર્યો અને કેસ ચલાવવામાં આવ્યો. અધિકારી મહાશયે દમની ભાષામાં વાત પણ કરી તેમ છતાં સમય આવે બધું બહાર આવશે તે ઉક્તિથી ખેડૂત કશું બોલ્યો નહીં પરંતુ હવે વિગત એવી છે કે જમીન કેસમાં વિવાદી ખેડૂત હાજર રહ્યો નથી અને તેના નામની સહીઓ બતાવીને આખોય કેસ ચલાવી દઈ ઉભય પક્ષ તરફી ચૂકાદો આપ્યાની ગરમા ગરમ ચર્ચા છે. ક્યારેક હોટલમાં બેસીને કરેલી ગપશપ ભલે સી.સી.ટીવી કેમેરામાં કંડારાઈ ન હોય પરંતુ કુદરતે આપેલી આંખોમાં જરૂર કંડારાઈ જાય છે જે સરકારી બાબુઓએ ભૂલવું ન જોઈએ અને તેમાંય ગરીબ ખેડૂતની જેને પણ આંતરડી કકડાવી છે તેના હાલ એકવાર જોઈએ આવો જેથી ખોટું કરતાં કુદરતનો ડર લાગે.